Civil Services (Main)
Examination, 2026

KVMS-D-GJT

ગુજરાતી / GUJARATI

પેપર II / Paper II

(સાહિત્ય) / (LITERATURE)

સમય મર્યાદા : **ત્રણ** કલાક *Time Allowed : **Three** Hours*	મહત્તમ ગુણ : **250** *Maximum Marks : **250***

પ્રશ્નપત્ર સંબંધી સૂચનાઓ

પ્રશ્નના ઉત્તર આપતા પહેલાં નીચે મુજબની બધી સૂચનાઓ વાંચો :

*અહીં **બે વિભાગમાં આઠ** પ્રશ્નો વહેંચવામાં આવ્યા છે.*

*ઉમેદવારે બધામાંથી **પાંચ** પ્રશ્નોના ઉત્તર આપવાના રહેશે.*

*પ્રશ્ન ક્રમાંક **1** અને **5** ફરજિયાત છે અને દરેક વિભાગમાંથી ઓછામાં ઓછો **એક** પ્રશ્ન પસંદ કરી અન્ય **ત્રણ** ઉત્તર આપવાના રહેશે.*

પ્રશ્નની સાથે એના ગુણ દર્શાવવામાં આવ્યા છે.

*ઉત્તર **ગુજરાતી ભાષામાં (ગુજરાતી લિપિમાં)** લખવાના રહેશે.*

જે પ્રશ્નોમાં શબ્દસંખ્યા દર્શાવવામાં આવી છે ત્યાં શબ્દસંખ્યાની મર્યાદામાં ઉત્તર આપવાના રહેશે.

પ્રશ્નોના જવાબ અનુક્રમમાં ગણવામાં આવશે. જો છેકવામાં નહીં આવે તો અપૂર્ણ જવાબ પણ ગણવામાં આવશે. પ્રશ્નપત્ર અને ઉત્તરવહીનું કોઈપણ કોરું પાનું અથવા તેનો કોરો ભાગ અચૂક છેકી નાખવો.

Question Paper Specific Instructions

Please read each of the following instructions carefully before attempting questions :

*There are **EIGHT** questions divided in **TWO SECTIONS**.*

*Candidate has to attempt **FIVE** questions in all.*

*Question nos. **1** and **5** are compulsory and out of the remaining, any **THREE** are to be attempted choosing at least **ONE** question from each section.*

The number of marks carried by a question / part is indicated against it.

*Answers must be written in **GUJARATI (Gujarati script)**.*

Word limit in questions, wherever specified, should be adhered to.

Attempts of questions shall be counted in sequential order. Unless struck off, attempt of a question shall be counted even if attempted partly. Any page or portion of the page left blank in the Question-cum-Answer Booklet must be clearly struck off.

Optional Province · optionalprovince.com

SECTION A

Q1. નીચે દર્શાવેલા પાંચેય કૃતિ-અંશોનું સંદર્ભમૂલ્ય સમજાવો. *10×5=50*

(a) માન મળ્યું મોટું પણ નહિ અભિમાન ઉર,
જાણે મહા જોગીરાજ જગતમાં જાગિયો. *10*

(b) નવ સૂઝે ઉપાય કૈં : ડોલાય મારી કિસ્તી !
આવા તોફાનમાં જરૂર, ડૂબશે મારી કિસ્તી ! *10*

(c) કોઈ કહે ઈન્દુ, કોઈ કહે કામ, એને રૂપે હાર્યા કેશવરામ. *10*

(d) એક કહિ : 'રહિ કાં અલગી ? એટલા માહાં શું થાકી ?'
એક કહિ : 'ના, એ અતિ શીલી પ્રેમદા છિ અતિ પાકી.' *10*

(e) સાહસથી જ કંઈ થવાનું છે, પછી તેનાં પરિણામો
થોડા દહાડા નઠારાં થાઓ તો શું થયું ? *10*

Q2. નીચેના મુદ્દાઓ વિશે સમીક્ષાત્મક ચર્ચા કરો.

(a) 'સરસ્વતીચંદ્ર' ભાગ-૧ ની વસ્તુસંકલના. *20*

(b) 'રાઈનો પર્વત'માં સંઘર્ષનું તત્ત્વ. *15*

(c) 'ચંદ્રચંદ્રાવતીની વારતા'નું કથાવસ્તુ. *15*

Q3. સદૃષ્ટાંત વિવરણાત્મક નોંધ લખો.

(a) 'સુદામાચરિત્ર' ભકત અને ભગવાનનો મહિમા ગાતું આખ્યાન છે.' – સમજાવો. *20*

(b) 'અખેગીતા' મધ્યકાલીન ગુજરાતી જ્ઞાનાશ્રયી કવિતાનું ઊંચું શિખર છે.' – ચર્ચો. *15*

(c) 'મારી હકીકત'માં આલેખાયેલાં રેખાચિત્રો. *15*

Q4. નીચેના પ્રશ્નોને કૃતિના મર્મ સંદર્ભે સમજાવો.

(a) 'પૂર્વાલાપ'ના ખંડકાવ્યોની આસ્વાદમૂલક ચર્ચા કરો. *20*

(b) 'વસંતવિલાસ'માં વિપ્રલંભશૃંગાર અને પિયુના આગમનથી સંભોગશૃંગારનું નિરૂપણ કઈ રીતે થયું છે ? *15*

(c) 'કાદમ્બરી'માં માતૃહૃદયના ભાવનું થયેલું આલેખન. *15*

Optional Province · optionalprovince.com

SECTION B

Q5. નીચે દર્શાવેલ પાંચેય કૃતિ-અંશોનું સંદર્ભમૂલ્ય સમજાવો. *10×5=50*

(a) 'ત્યારે તો મને અને મારી હુંસાને બેઆખરૂ કરતાં વિયોગ વધારે વહાલો છે.' *10*

(b) વસ્તી તો કેમ જાણે એના ગોલાયા કરવા જ અવતરી હોય ! *10*

(c) વિમલ અંધારને આયને ન્યાળતો
હું જ મુજને અજાણ્યો પરો લાગતો ! *10*

(d) કાશી, મહાવત છું હું. મહારથીને ન લાગે; પણ પોતાના જનાવરોના કમોતનું એક મહાવતને તો લાગે ને ? *10*

(e) પ્રકૃતિ, તું શું કરે ?
મારી પ્રકૃતિની જ જયાં રામાયણ છે. *10*

Q6. સદૃષ્ટાંત વિવરણાત્મક નોંધ લખો.

(a) ઐતિહાસિક નવલકથા તરીકે 'પાટણની પ્રભુતા'. *20*

(b) 'ધ્વનિ'નાં પ્રકૃતિકાવ્યો. *15*

(c) 'ભાઈબંધી' અને 'આહીરની ઉદારતા' લોકકથાઓનો આસ્વાદ. *15*

Q7. નીચેના મુદ્દાઓ વિશે વિવેચનાત્મક નોંધ લખો.

(a) 'માનવીની ભવાઈ' ને આધારે પન્નાલાલ પટેલની સર્જકપ્રતિભા. *20*

(b) 'પંખીલોક' કાવ્યનો આસ્વાદ. *15*

(c) 'હિન્દસ્વરાજ'માં ગાંધીજીના સ્વરાજ વિશેના વિચારો. *15*

Q8. સમીક્ષાત્મક નોંધ લખો.

(a) 'કાવ્યની શક્તિ'માં કાવ્યકલા સંદર્ભે લખાયેલા લેખોની ચર્ચા કરો. *20*

(b) 'જનાન્તિકે'માં નિરૂપાયેલા શૈશવનાં સ્મરણો. *15*

(c) 'અશ્વત્થામાં' નાટકનું કેન્દ્રસ્થ વસ્તુ. *15*

Optional Province · optionalprovince.com